જાહેરમાં મહિલાઓનું ગૌરવ હણાય તેવી ઘટનાઓને અટકાવવા તેમજ આવા બનાવો બને ત્યારે પોલીસે કરવાની કાર્યવાહી અંગે સૂચનાઓ પ્રસિધ્ધ કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક : મબસ/૧૦૨૦૨૫/કોર્ટ-૦૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૨/૨૦૨૫

**પ્રસ્તાવના :**

ભારતના વિકસીત રાજ્યોમાં ગુજરાત રાજ્યની ગણના થઈ રહી છે અને ગુજરાત રાજ્યમાં આદર્શ કાયદો અને વ્યવસ્થાની પશ્ચાદભૂમિકામાં ગુજરાતને એક મોડલ સ્ટેટ તરીકે દેશમાં માન્યતા મળી રહી છે પરંતુ ગુજરાતના જ કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને અંતરિયાળ પ્રદેશોમાં, મહિલાઓને જાહેરમાં અપમાનિત કરી તેમના ગૌરવને હણવામાં આવે છે ત્યારે રાજ્યના સ્ત્રીસશક્તિકરણની લક્ષ્યસિદ્ધિને તીવ્ર આઘાત પહોચે છે. તાજેતરમાં, દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં એક મહિલાને જાહેરમાં અપમાનિત કરવાનો બનાવ ધ્યાન પર આવેલ છે તેમજ આ ઘટનાનો વિડીયો વાયરલ થયેલ છે. ગુજરાત રાજ્યમાં મહિલાઓને ક્ષોભજનક સ્થિતિમાં મૂકતા અને મહિલા પર સામૂહિક રીતે માનસિક અને શારીરિક હિંસા આચરતા આવા બનાવોને અટકાવવા તેમજ જો આવા બનાવો બને ત્યારે પોલીસ દ્વારા કરવાની થતી કાર્યવાહી અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :**

પુખ્ત વિચારણાના અંતે, મહિલાઓનું ગૌરવ હણાય અને તેમને જાહેરમાં અપમાનિત કરવાની ઘટનાઓના સંદર્ભમાં પોલીસ દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**આવી ઘટનાઓ અટકાવવા માટેની સૂચનાઓ :**

(૧) જાહેર સ્થળોએ મહિલાઓ સુરક્ષા અને સલામતી અનુભવે તે માટે પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ જૂની રૂઢિચુસ્ત પ્રણાલી ચડોતરા પ્રથા, ખાપ પંચાયત પ્રથા તથા ડાકણ પ્રથા વિગેરે જેવી રૂઢિગત પ્રણાલીઓ અને ગેર માન્યતાઓ દૂર થાય તે માટે વિવિધ બિન સરકારી સંગઠનો સાથે સંકલન કરી સમયાંતરે જન જાગૃતિ કાર્યક્રમો યોજવા.

(૨) આવી ઘટનાઓને અટકાવવા પંચાયતી રાજ સંસ્થાઓના સદસ્યો મારફત સામાજિક જાગૃતિ આવે અને આવા ગુનાઓ વિરૂધ્ધની કાયદાકીય જોગવાઈઓ પરત્વે જાહેર જનતામાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા.

(૩) શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી આવી ઘટનાઓને અટકાવવા અવેરનેસ પ્રોગામ આયોજિત કરી કાયદાકીય બાબતોનું માર્ગદર્શન આપવુ.

(૪) વિવિધ પ્રચાર માધ્યમો, સોશિયલ મિડીયા વગેરેના ઉપયોગ દ્વારા આવા બનાવો વિરૂધ્ધ જનજાગૃતિ ફેલાય તેમજ કાયદામાં સજાની જોગવાઈઓ જાહેર જનતાના ધ્યાને આવે તે માટે પ્રચાર પ્રસાર કરવો.

(૫) FFWC ના સભ્યોનો ઉપયોગ કરી આવા બનાવો વિરૂધ્ધ વધુમાં વધુ જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા તેમજ દરેક ગામદીઠ FFWC અથવા ફ્રેન્ડ્સ ઓફ પોલીસ વોલીન્ટીયરને પ્રશિક્ષીત કરી આવી ઘટના સમયે તેઓનું ઇનવોલ્વમેન્ટ અને કાઉન્સેલીંગ વધારવુ.

<u>આવી ઘટના બન્યા બાદની કાર્યવાહી અંગેની સૂચનાઓ :</u>

(૧) જ્યારે પણ કોઈ મહિલા વિરૂધ્ધનો આવો કોઇ ગુન્હો બને ત્યારે તાત્કાલિક SHE Teamને મોકલી આપી મહિલાને રેસ્ક્યુ કરી સૌપ્રથમ ભોગ બનનાર મહિલાને કોઇ ઈજા થયેલ હોય તો તાત્કાલિક મેડીકલ સારવાર કરાવવાની કાર્યવાહી કરવી.

(૨) ભોગ બનનાર મહિલાનો પોલીસ સ્ટેશનમાં કાર્યરત સાંત્વના કેન્દ્ર સાથે સંપર્ક કરાવવો અને ત્યાં તેને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભૂતિપૂર્વક તેની મુશ્કેલી સાંભળી યોગ્ય કાઉન્સેલીંગ કરી કાયદાકીય માર્ગદર્શન આપવું.

(૩) ભોગ બનનાર મહિલા જો માનસિક રીતે ભાંગી પડેલ હોય તો તેનું મનોવૈજ્ઞાનિક કાઉન્સેલીંગ કરાવવું અને જરૂર જણાયે મનોચિકિત્સકની સારવાર કરાવવી.

(૪) ભોગ બનનાર મહિલાની સુરક્ષાની વ્યવસ્થા કરવી અને તેની સાથે કે તેના પરિવારજન સાથે આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તાત્કાલિક જરૂરી પોલીસ પ્રોટેકશન આપવાની કાર્યવાહી કરવી.

(૫) ભોગ બનનાર મહિલાની સુરક્ષા પરત્વે તેના રહેઠાણની જગ્યા ઉપર જો જોખમ લાગે તો તેને નારી સુરક્ષા કેન્દ્રમાં મૂકવા ત્વરિત કાર્યવાહી કરવી.

(૬) ભોગ બનનાર મહિલાનો જો કોઇ અપમાનજનક અભદ્ર/અશ્લીલ વિડિયો બનાવી સોશિયલ મિડિયામાં અપલોડ થયેલ હોય તો તાત્કાલિક સાયબર ક્રાઇમ વિભાગ કે અન્ય એજન્સીનો સંપર્ક કરી આ વિડિયો તાત્કાલિક દૂર કરાવવા પ્રયત્ન કરવો તેમજ આ વિડિયો વાયરલ થતો અટકાવવા જાહેર જનતાને પણ કાયદાકીય જોગવાઈઓ પ્રત્યે સોશિયલ મિડિયા મારફત જાગૃત કરવી અને વિડિયો વાયરલ કરનાર વિરૂધ્ધ પણ કાયદેસર કાર્યવાહી કરવી.

(૭) આવા ગુનાઓના કેસમાં ભોગ બનનાર મહિલાની સુરક્ષા ધ્યાને રાખી તમામ આરોપીઓની તાત્કાલિક અટક કરી સત્વરે પુરતા પુરાવા મેળવી ટૂંકા સમય ગાળામાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવું.

(૮) આવા ગુનાઓ બનતા અટકે તે માટે સમાજમાં દ્રષ્ટાંત પ્રસ્થાપિત કરવા કાયદાનો ડર ઊભો કરી સ્પેશિયલ કોર્ટમાં તાત્કાલિક કેસ ચલાવી આરોપીઓને વધુમાં વધુ સજા કરાવવા કાર્યવાહી કરવી.

(૯) આવા ગુનાઓના કેસમાં ભોગ બનનાર મહિલા સામાજીક અને આર્થિક રીતે સક્ષમ બને તે અર્થે બિન સરકારી સંગઠનો અને રોજગાર અધિકારીશ્રીના સંપર્કમાં રહી સરકારશ્રીની વિવિધ રોજગારલક્ષી યોજનાઓ અંગે તેને જાગૃત કરી તે આર્થિક રીતે પગભર બને તેવા પ્રયત્ન કરવા.

(૧૦) રાજ્ય સરકારની વિકટીમ કમ્પનસેશન સ્કીમ કે અન્ય કોઈ યોજના હેઠળ આવા બનાવોમાં ભોગ બનનાર મહિલાને વળતર મળવાપાત્ર હોય તો સમયસર વળતર મળી રહે તે અર્થે કાર્યવાહી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અમિત રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, મહિલા સેલ, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે શહેર પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.